COPY


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
GANDHIDHAM - Kachchh - 370 201.
Phone : +91-02836-220977, 220735 • Mobile : 99250 37814 • Fax : 220888
e-mail : info@gccikandla.com • Website : www.gccikandla.com


તા. ૧૯.૯.૨૦૧૬

No. GCCI / 295

કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ.,
વિભાગીય કચેરી,
ગાંધીધામ-કચ્છ

વિષયઃ- પડતર પ્રશ્નોના ત્વરિત નિરાકરણ બાબત

સંદર્ભઃ- આપનો પત્ર નં. જીડીઓ/ટેક/૨૦૧૬/૨૮૫૦ તા. ૨૯.૭.૨૦૧૬

માનનીયશ્રી,

આપના ઉપરોકત પત્રની આભારસહ નોંધ લેતાં નીચેના મુદાઓ સંદર્ભે અમારી છણાવટની નોંધ લઈ ત્વરિત કાર્યવાહી યોગ્ય દિશામાં કરવા આપશ્રીને અમારી વિનંતી છે.

૧. **વીજ કનલેકશન મેળવવા માટે નગરપાલિકાનું એન.ઓ.સી.**

આપના જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિજ જોડાણની અરજી સાથે ગાંધીધામ નગરપાલિકાની એન.ઓ.સી. જરૂરી હોય છે. આ સંદર્ભે કોમર્શિયલ અને રહણાંક વિજ જોડાની અરજી સાથે ગાંધીધામ નગરપાલિકાની એન.ઓ.સી. ની આવશ્યકતા હોય છે કે નહિં તેની જરૂરી સ્પષ્ટતા કરવા વિનંતી.

૨. **ગાંધીધામ વિસ્તારમાં અન્ડરગ્રાઉન્ડ કેબલીંગ**

આપના જણાવ્યા અનુસાર આ વિષય સંદર્ભની પ્રગતિની નોંધ લીધેલ છે. આમ છતાં જો સર્વે રીપોર્ટને ત્વરિત મંજુર કરાવવાના પ્રયતનો કરાય તો અમને આશા છે કે આ કાર્યની શરૂઆત કરવામાં ઝડપ લાવી શકાય. સમય ઝડપથી પસાર થઈ રહયો છે અને અમને આશા છે કે આપ સમયાંતરે સર્વે રીપોર્ટને ત્વરિત મંજુર કરાવવા આપના તરફથી શકય તમામ પ્રયત્નો કરશો જ.

૩. **ગાંધીધામના મેઈન માર્કેટમાં અન્ડરગ્રાઉન્ડ કેબલીંગની જાળવણી**

આ વિષય અંતર્ગત આપના દ્વારા હાથ ધરાયેલ કાર્યવાહી લાંબા ગાળાની જરૂરીયાત પૂરી કરવા માટે સાચી દિશા તરફ ન હોય એવું અમને પ્રતિત થાય છે. આપણી જરૂરિયાત અન્ડરગ્રાઉન્ડ કેબલીંગને ઓવરહેડમાં રૂપાંતર કરવાની નથી. આપણે હાલના અન્ડરગ્રાઉન્ડ કેબલ્સને વધારે લોડની ક્ષમતા વહન કરી શકે એવા નવા કેબલ્સ ગાંધીધામ મેઈન માર્કેટમાં નાખી તેની સમયાંતરે જાળવણી કરી આ વિસ્તારમાં વિક્ષેપ વગર વિજ પ્રવાહ મળી શકે એ માટે ત્વરિત પગલાં લેવાની જરૂરિયાત છે. આ માટે જરૂરિયાતનો માલ સામાન આપના વિભાગીય કાર્યવાહી હેઠળ સમયસર મંજુર કરાવી, મેળવી અને તાત્કાલિક આ સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરવાની તાતી જરૂરિયાત છે. ગાંધીધામની આમ જનતા અને વ્યાપારી આલમ આતુરતાપૂર્વક આ કાર્ય પૂર્ણ થાય તેની રાહ જોઈ રહી છે એ આપની જાણ માટે.

૪. **ડી.સી. ૫ અને કાસેઝ એરીયામાં અલગ સબ સ્ટેશન સ્થાપવા બાબત**

ડી.સી. ૫ ના વિસ્તારમાં અલગ સબ સ્ટેશન સ્થાપવા, જમીનની ફાળવણી માટે કંડલા પોર્ટ ટ્રસ્ટને વખતોવખત રજુઆત કરેલ આપના પત્રોની નકલ ગાંધીધામ ચેમ્બરને આપવા વિનંતી જેથી ચેમ્બર પણ આ સમસ્યાના નિરાકરણ માટે કંડલા પોર્ટ ટ્રસ્ટ સાથે જરૂરી કાર્યવાહી કરવા પ્રયત્નશીલ રહી શકે.

—— COPY ——

. GANDHIDHAM
HAMBER OF COMMERCE & INDUSTRY
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
GANDHIDHAM - Kachchh - 370 201.
Phone : +91-02836-220977, 220735 • Mobile : 99250 37814 • Fax : 220888
e-mail : info@gccikandla.com • Website : www.gccikandla.com



No. GCCI /

કાસેઝ એરીયામાં મંજુર થયેલ નવા સબ સ્ટેશન માટે જેટકો દ્વારા હાથ ધરાયેલ કાર્યવાહી સંદર્ભે તેની પ્રગતિ વિષે અમને માહિતગાર કરવા વિનંતી. આ પ્રકલ્પ ત્વરિતપૂર્ણ થશે. તો જ ગાંધીધામ વિસ્તારની અનેક વિજ સમસ્યાઓનું નિરાકરણ અને વિશેષ કરીને જીઆઈડીસી વિસ્તારના ઉધોગોને નિરંતરીત વિજ સપ્લાય મળી શકશે.

૫. **આદિપુર ખાતે અલગ સબ ડીવીઝન સ્થાપવા**

ઉપરોકત સંદર્ભે અનેકવાર વિવિધ સ્તરે રજુઆતો થયેલ છે, પણ આજ સુધી આ સંદર્ભે કોઈ નકકર કાર્યવાહી થયેલ હોય તેની જાહેરમાં જાણ થયેલ નથી. આથી અમને આ બાબતે થયેલ નકકર કાર્યવાહી વિષે માહિતગાર કરશોજી.

અમને આશા છે કે, આપ ઉપરોકત વિષયો સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરી અમને સમયાનુસાર પ્રગતિ વિષે જાણ કરતા રહેશો એજ અપેક્ષા સહ,

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(દિનેશ ગુપ્તા)
પ્રમુખ

નકલ સવિનય રવાના :-

૧. શ્રી અધિક્ષક ઇજનેર, વર્તુળ કચેરી, પીજીવીસીએલ, અંજાર-કચ્છ